THEOSOPHIC JYOTI (Gujrati Monthly) RNI Registration No. GUJ/GUJ/2015/71878 Dated : 24-05-2017
Published on : 10th Date of every month

सत्यान्नास्ति परो धर्मः | तमसो मा ज्योतिर्गमय

આધ્યાત્મિક અંતદષ્ટિ પ્રેરતું પોષતું, અને પ્રફુલ્લાવતું સામયિક

ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનનું મુખપત્ર

# થિયોસોફિક જ્યોતિ
# THEOSOPHIC JYOTI

Editor : Harshad M.Dave

Year- 10 | October - 2025 | No. 101

## અનુક્રમણિકા


1. સંપાદકીય......................................................................સંપાદક 03
2. ૧૨મી વર્લ્ડ કોંગ્રેસ, ....દોઢ સદીની મજલ.......................શ્રી હર્ષવદન શેઠ 04
3. થિયો. સોસા. સ્થાપનાના ૧૫૦ વર્ષની ઉજવણી.................શ્રી હર્ષવદન શેઠ 06
4. ધ હિડન સાઈડ ઓફ ધ થિંગ્સ.......................................શ્રી ધવલ શેઠ 08
5. પ્રેરણાદાયી પુસ્તક 'પારસના સ્પર્શે'.......................શ્રી ઉદય જે. પાકાવાલા 10
6. ટી.ઓ.એસ. દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ.....................શ્રી ઉદય જે. પાકાવાલા 11
7. થિયો. સોસાયચટીના ૧૫૦ વર્ષની ઉજવણી ..........................રોહિત લોજ 12
8. કર્મનો સિદ્ધાંત – માર્ગદર્શન..................................શ્રી સૂર્યકાંત ડી. પટેલ 13
9. અહંકાર અને આસક્તિયુક્ત દુનિયા.......................શ્રી કાંતિલાલ પી. પટેલ 15
10. પ્રેરણા.......................................................શ્રી ગોરધનભાઈ પ્રજાપતિ 16
11. ભાવયાત્રા...........................................................શ્રી દીપક પંડ્યા 17
12. સંતરામ લોજ – અહેવાલ..........................................શ્રી અરવિંદભાઈ 18
13. શાખા સમાચાર .....................................................વિવિધ શાખાઓ 19
14. આપણો પુસ્તક પ્રેમ .....................................શ્રી પ્રવીણભાઈ માંડલિયા 20


Price Rs. 10/- Yearly Subscription : Rs. 100 /- (In India) • Published & Printed at : Vadodara

આ માસિકમાં પ્રગટ થતી માત્ર અધિકૃત જાહેરાતો માટે જ ગુ. થિ. ફેડરેશન જવાબદાર છે. – તંત્રી

## થિયોસોફિકલ સોસાયટીના ઉદ્દેશો

(૧) પ્રજા ધર્મ જ્ઞાતિ, જાતિ, વર્ણ કે રંગના ભેદભાવ રાખ્યા વિના માનવજાતિનું વિશ્વબંધુત્વનું એક કેન્દ્ર રચવું.
(૨) તુલનાત્મક રીતે ધર્મ, તત્વજ્ઞાન અને વિજ્ઞાનના અભ્યાસને સમગ્રતાની દૃષ્ટિએ ઉત્તેજન આપવું.
(૩) કુદરતના નહીં સમજાએલા નિયમોનું અને મનુષ્યમાં રહેલી સુષુપ્ત શક્તિઓનું સંશોધન કરવું.

## ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન

હરજીવન હેડ ક્વાર્ટર્સ, "હોમી હાઉસ" ૧૫૧૬, કૃષ્ણનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧.

## ફેડરેશન હોદ્દેદારો

પ્રમુખ : શ્રી હર્ષવદન એમ. શેઠ (રોહિત લોજ)
મંત્રી : શ્રી છબીલદાસ કે. સોની (શ્રીરામ લોજ)
ઉપપ્રમુખ : શ્રી નરસિંહભાઈ એ. ઠાકરીયા (સનાતન લોજ)
સહમંત્રી : શ્રી પ્રશાંતભાઈ કે. શાહ (સનાતન લોજ)
ખજાનચી : શ્રી રમેશચંદ્ર ડોલીઆ (અમદાવાદ લોજ)

### ફેડરેશન મંત્રીનું સરનામું

ફેડરેશન કાર્ય અંગેનો કોઈપણ પત્રવ્યવહાર કરવા માટે

**શ્રી છબીલદાસ કે. સોની**
બી/૩, બોમ્બે સોસાયટી, ગાયત્રી મંદિર રોડ,
મહાવીરનગર, હિમ્મત નગર,
જી. સાબરકાંઠા, ગુજરાત - ૩૮૩ ૦૦૧
મો. નં. ૯૮૨૫૫ ૯૦૫૪૩
E-mail-cksoni1205@gmail.com

ફેડરેશન દ્વારા પ્રગટ થયેલાં પુસ્તકો મેળવવા માટે લખો.

### ☛ બુક સ્ટોલ મેનેજર ☛

શ્રી પ્રવીણભાઈ માંડલિયા
સી/૩૧૧, કેસરીયા હનુમાન રોડ,
એમ.જી.ટી. ટ્યૂશન ક્લાસ પાછળ,
શ્રી રામ નગર, કાળિયાબીડ, ભાવનગર - ૩૬૪૦૦૨
મો. : ૯૪૨૬૧૬૪૫૫૭, ૮૩૨૦૦૬૬૪૧૫

**સહતંત્રી : શ્રી ગિરીશ 'નીલગિરિ'**
મો. : ૮૪૬૯૬૪૮૦૭૩

**વ્યવસ્થાપક : શ્રી અતુલ દરજી**
મો. : ૯૪૨૯૫૩૫૨૯૧

**થિયોસોફિકલ સેવાસંઘ (T.O.S.)**
**શ્રી હિતેષકુમાર કાંતિલાલ પટેલ**
સનાતન લોજ, સુરત
મો. : ૮૧૪૧૭ ૭૭૨૩૬

### "થિયોસોફિક જ્યોતિ" માટે જાહેરાતના દર

(એક વખત પ્રસિદ્ધ કરવા માટેના દર)

| | |
|---|---|
| અંદરનું કવર પેજ ટાઈટલ પાનું નં.૩ | રૂ.૧૫૦૦–૦૦ |
| અંદરનું આખું પાનું | રૂ.૧૦૦૦–૦૦ |
| અંદરનું અડધું પાનું | રૂ. ૫૦૦–૦૦ |
| સૌજન્ય પૃષ્ઠ | રૂ. ૧૦૦–૦૦ |

ઉપરોક્ત જણાવેલ દાન, ભેટ કે જાહેરાતનાં નાણાં "જી.ટી.એફ. જ્યોતિ પ્રકાશન ફંડ" એ નામે મનીઓર્ડર કે ડીમાન્ડ ડ્રાફ્ટથી તંત્રીશ્રીના સરનામે મોકલવા અથવા નીચે જણાવેલ બેન્ક એકાઉન્ટમાં જમા કરાવીને તંત્રીશ્રીને જાણ કરવી. જ્યોતિના ટપાલ સરનામાં તથા નિયમિત મળવા અંગેનો પત્રવ્યવહાર પણ નીચે જણાવેલ સરનામે કરવોઃ–

**શ્રી હર્ષદ એમ. દવે**
એ–૨૦૧,માઈલસ્ટોન રેસીડન્સી,
નાયરા પેટ્રોલ પંપ સામે, બ્રાઈટ ડે સ્કૂલ પાસે,
વાસણા–ભાયલી રોડ, વડોદરા – ૩૯૧૪૧૦
મો. : ૮૭૫૮૭૪૬૨૩૬
E-mail - hdjkdave@gmail.com

**GTF Jyoti Prakashan Fund**
Central Bank of India
(Sardarnagar Area Branch, Bhavnagar, 364001)
A/c. No. 1871957084
IFSC : CBIN0281360

**નોંધ : આ અંકમાં પ્રસ્તુત થતાં લેખો સાથે તંત્રીશ્રી સહમત છે તેવી માન્યતા ધરાવવી નહીં.**

# સંપાદકીય

સ્વયંની ઓળખાણ એ ધ્યાનનો પ્રારંભ છે. તમે જેવા છો તેની તમારી માનસિક સમજણ એ જ ધર્મિષ્ઠ મનનો પ્રારંભ છે. તમે જે કંઈ નિહાળો છો તેનો વિરોધ યા તેના અર્થઘટન કરવાના પ્રયાસથી તમારી જાતને તમે ઓળખી શકશો નહીં. આને જરા સમજો. તમારી ભીતર તમે જે નીરખો છો, તેને જો માનસિક રીતે નકારી કાઢો અગર તો તમારે તેમાં કોઈ પરિવર્તન આણવું હોય, ત્યારે તમે 'જે છે' તે વાસ્તવિકતાને તમે સમજતા નથી. તમે અહંકારી હો અને તેમાં પરિવર્તન આણવાનો પ્રયાસ કરી માનવતા કેળવવા ઈચ્છતા હો, તો તેમાં વિરોધાભાસ હોય છે. તમે મિથ્યાડંબરી હો અને માનવતાનો આદર્શ કેળવવા તમે પ્રયાસ કરતા હો, તો બે વચ્ચે વિરોધાભાસ ઊભો થાય છે. આવો વિરોધાભાસ મનને પસંદ કરે છે – તે સંઘર્ષ ઉત્પન્ન કરે છે. તમે અહંકારી છો એ વાસ્તવિકતાને તમારે સમજવાની છે, તેમાં કોઈ વિપરીત આદર્શને પ્રવેશવા દીધા વિના તે વાસ્તવિકતાને નીરખવાની છે. પરંતુ તમે અહંકારી છો અને તે સમજવા માટે તમે એમ ન કહી શકો કે, ''મારે અહંકારી ન થવું જોઈએ.'' કંઈક સમજવા માટે તમારે તમારું સંપૂર્ણ ધ્યાન આપવું જ રહ્યું. સ્પષ્ટપણે જોતા આ સરળ બાબત છે. તમે જ્યારે કહો છો કે તમારે અહંકારી થવું ન જોઈએ, ત્યારે તમારું મન વાસ્તવિકતાથી દૂર ચાલી જાય છે. અને તે જ સમસ્યા ઉત્પન્ન કરે છે – વાસ્તવિકતા નહીં, હકીકત કદી સમસ્યા ઉત્પન્ન કરતી નથી. માત્ર વાસ્તવિકતાને ટાળવાથી, તેનાથી પલાયન થઈ જવાથી, તેને બદલવાનો પ્રયત્ન કરવાથી તેમ જ તેને તમારા આદર્શ સાથે સુસંગત કરવાના પ્રયાસથી જ સમસ્યાઓ ઉત્પન્ન થાય છે – 'જે છે તે' એટલે વાસ્તવિકતાથી કદી સમસ્યા ઉદ્‌ભવતી નથી.

આમ, જ્યારે તમે સ્વયંનું નિરીક્ષણ અર્થાત્ અવલોકન અત્યંત સ્પષ્ટતાથી કરો છો તેમજ તમારી પ્રત્યેક ભાવના તથા વિચાર પરત્વે નિર્વિકલ્પપણે જાગ્રત હોવ છો, ત્યારે જે છે તે કંઈક શોધી કાઢો છો. જેમ કે એક વિચારક છે અને એક વિચાર છે, એક નિરીક્ષક યા અનુભવકર્તા છે, તો એક નિરીક્ષિત બાબત અને અનુભવ છે. આ વાસ્તવિકતા છે – ખરું કે નહીં ? નિયંત્રક સ્વરૂપનું એક એવું વ્યક્તિત્વ છે કે જે નિર્ણય કરે છે, જે મૂલ્યાંકન કરે છે, જે વિચાર કરે છે તથા જે નિરીક્ષણ કરે છે, જ્યારે બીજી બાજુ નિરીક્ષિત વસ્તુ યા બાબત હોય છે.

તમારે માત્ર શબ્દો સાંભળવાના નથી, પરંતુ તમારા મનની ઝીણવટભરી ચકાસણી કરવાની છે. શબ્દોનો કોઈ અર્થ નથી. હું વાર્તાલાપ આપતો હોઉં ત્યારે તમારા મનની ગતિવિધિનું નિરીક્ષણ કરતા રહો. પછી તમે અહીંથી સ્પષ્ટતા સહિત તીક્ષ્ણ, શાણા તેમ જ તેજસ્વી મન સાથે પરત થશો.

આમ, એક વિચારક છે અને એક વિચાર છે. વિચારક અને વિચાર વચ્ચે વિભાજન છે. વિચારક વિચાર ઉપર પ્રભુત્વ ધરાવવા પ્રયાસ કરે છે, તેમાં રૂપાંતર આણવા કે સુધારો કરવા, તેને નિયંત્રિત કરવા કે અંકુશમાં આણવા યા તેનું અનુકરણ કરવા ઈત્યાદિ માટે તે સદા પ્રયત્નશીલ હોય છે.

વિચારક હંમેશા નિર્ણય અને મૂલ્યાંકન કરનાર નિયંત્રક સ્વરૂપનું વ્યક્તિત્વ હોઈને, વિચારક અને વિચાર વચ્ચેનું આ વિભાજન સંઘર્ષ ઉત્પન્ન કરે છે. આ

(અનુસંધાન પાન ૧૮ પર)

**જેસલરાજ રાજેશકુમાર ઠાકરિયાને અમેરિકાની કંપનીમાં જોબ મળ્યાની ખુશી નિમિત્તે**
**સૌજન્ય : શ્રી નરસિંહભાઈ ઠાકરિયા, સનાતન લોજ, સુરત**

## ૧૨મી વર્લ્ડ કોંગ્રેસ, વાનકુંવર, કેનેડા ...
## દોઢ સદીની મજલ.....

પ્રસ્તુતિ
શ્રી હર્ષવદન શેઠ
પ્રમુખ : જીટીએફ
મો. ૯૮૨૪૦૭૩૬૭૮

તારીખ ૨૪ જુલાઈ ૨૦૨૫ ગુરુવાર.. સવારે સાત વાગે ''તાઈ ચી''ની વિશેષ એક્સરસાઇઝ સાથે દિવસની શરૂઆત થઈ. વી.વી.ડયુ. નામના એક બેન દ્વારા આ સરળ પ્રક્રિયાનો લાભ સવારે વહેલા આવી જનાર સભ્યોએ લીધો. ત્યારબાદ ૭:૩૦ વાગે ભારત સમાજ પૂજા મંત્રનું ઉચ્ચારણ વિજયા લક્ષ્મી દ્વારા કરવામાં આવ્યું. જે હોલમાં કાર્યક્રમ થાય છે ત્યાં અગ્નિ પેટાવી શકાય નહીં તેથી સામાન્ય રીતે આપણે ભારત સમાજ પૂજાનો જે અનુભવ છે તે કરતા અલગ પ્રકારનો અનુભવ થયો. ફક્ત મંત્ર ઉચ્ચારણ કરવાથી પણ અંતરતમ રીતે ઉદભવતા આંદોલનો આપણા સૂક્ષ્મ શરીરને શુદ્ધ બનાવી શકે છે તેની અનુભૂતિ તે વખતે થઈ. જોકે આ પ્રકારનો લાભ સર્વે લોકો લઈ શકેલા નહીં પરંતુ જેઓ હાજર રહ્યા તેમને પણ અનોખી અનુભૂતિ થઈ!

સવારે બરાબર નવના ટકોરે બીજા દિવસના કાર્યક્રમની શરૂઆત થઈ. ફિલિપાઇન્સના આંતરરાષ્ટ્રીય વક્તા શ્રી ''વીક હો ચીન, જુનિયર''દ્વારા પ્રવચન થયું.

"Strengthening the Core of Theosophical Work" વિષય ઉપર તેમનું અત્યંત રોચક અને સરળ શૈલીમાં પ્રવચન ઘણું પ્રેરણાદાયી હતું. ત્યારબાદ આંતરરાષ્ટ્રીય પ્રમુખ ટીમ બોઈડ દ્વારા લિખિત પુસ્તક 'ઓન ધ વર્ઝ ઓફ વિઝડમ' વીક હો ચીન જુનિયર દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું. આ બંને પ્રસંગો ખૂબ જ મહત્વપૂર્ણ છે. વીક હોની બાબતોને થિઓસોફિકલ સોસાયટીના કાર્યક્ષેત્ર સંબંધિત વાર્તાલાપ છે. આપણામાં રહેલી આંતરિક ચેતનાને કઈ રીતે પારખવી અને આપણી કાર્ય પદ્ધતિમાં કઈ રીતે તેનો વિકાસ કરવો તે બાબત આપણને થિઓસોફિસ્ટ તરીકે વધુ મજબૂત બનાવે છે. આપણે ખોટા ખયાલોમાંથી બહાર આવી જઈએ છીએ અથવા તેની આપણને ખબર પડે છે. જેઓ આપણી સાથે વર્ષોથી જોડાયેલા હોય છે તેમને આપણે ઘણીવાર ક્ષુલ્લક બાબતોમાં, પોતાનામાં રહેલા જાગ્રત મનના અહમમાં પણ તેની નોંધ લેતા હોઈએ છીએ. પરંતુ તેનો સ્વીકાર કરવાની હિંમત હોતી નથી. પરિણામ શું આવે છે? ટી એસ ના કાર્યક્ષેત્રને કેન્દ્રીય રીતે મજબૂત કરવાની જગ્યાએ આપણે તેને નબળું બનાવીએ છીએ અને આપણે પોતે પણ નબળા સાબિત થઈએ છીએ.

આ પ્રવચનના વક્તા વીક હો વિદ્વાન છે પરંતુ તેઓ એટલા સરળ છે કે આટલા વર્ષોના થિઓસોફિક કાર્યોમાં પોતે જે અનુભવીને શુદ્ધ થયા છે તેના કેટલાક ઉદાહરણો આપે છે પરંતુ એ અધૂરી વાર્તાઓ જેવા જણાય છે. અધૂરું એટલા માટે કે હજુ વધારે પ્રગતિ સાધવાની છે તેવો અર્થ નીકળે છે. કોઈના પ્રત્યેનો અણગમો સીધી રીતે જણાવતા નથી પરંતુ પોતે ખૂબ મહેનત કરી રહ્યા છે તેનો તેમાં પડઘો પડે છે. મેડમ એચપીબીના જીવનના કેટલાક અનેરા પાસાઓને વાર્તા કથનમાં સાંકળે છે. આપણને તે બાબતનું ઘણું આશ્ચર્ય

પણ થાય છે. પરોક્ષ મદદ મળી જવી, અને જે કાર્ય હાથમાં લીધું હોય તેનું અચાનક સફળ થઈ જવું એ કોઈ ચમત્કાર છે? આપણે સતત મહેનત કરીએ છીએ પરંતુ આપણે વિશ્વાસ વગર જ તેને ક્યાંક અટકાવી દઈએ છીએ. બીજાઓએ આપેલા અભિપ્રાયોમાં વધુ વિશ્વાસ ધરાવીએ છીએ અને જે પ્રેરણા સતત મળે છે તે કરતા વધારે આવા અભિપ્રાયોમાં ખોવાઈ જઈએ છીએ.

તેમનું આ પ્રવચન સંપૂર્ણપણે આપણને મંત્રમુગ્ધ કરે છે કારણ કે તેમની શૈલી સરળ અને સમજાય તેવા ટૂંકા વર્ણનોવાળી છે. ભાષા અંગ્રેજી છે પરંતુ જે પોતે સમજીને વાત કરે છે તે સાંભળનારને તરત જ સમજાઈ જાય છે આવી અનુભૂતિ મને થઈ. અને જેવું તેમનું પ્રવચન પૂરું થયું કે આખું જ વાતાવરણ બદલાઈ ગયું. કઈ રીતે?

ટીમ બોયડ માઈક પાસે પધાર્યા. તેમને અભિનંદન આપ્યા! અને એક દાર્શનિકની અદાથી તેમની સામે જોઈને તેમને તાળીઓથી વધાવી લીધા. ખૂબ જ નૈસર્ગિક લાગે! વીક હો ચીનના હાથમાં જે પુસ્તકનું અનાવરણ કરીને વિમોચન કરવાનું છે તે ટીમ બોઈડ દ્વારા લખાયેલું છે. જેનું શીર્ષક છેઃ 'On the Verge of Wisdom' (પ્રજ્ઞાને કિનારે). પુસ્તક અનાવૃત થયું અને હાસ્યની નવીન આવૃત્તિઓમાં શબ્દોનો સ્પર્શ પોતાના રણકાઓમાં પ્રવૃત્ત થયો. બંને એકબીજાને એક એવા સરળ અને મૈત્રી ભર્યા વાતચીતના પ્રવાહમાં ખેંચવા લાગ્યા કે અમે બધા સાંભળનારા તેઓ વચ્ચેની આ બિનતાર્કિક બાબતોનો આનંદ લેવા લાગ્યા! પ્રવચનના પ્લેટફોર્મ ઉપર આ પ્રકારનું દશ્ય અદભુત હતું! ટીમ ભાઈ પોતાને સદભાગી સમજે છે કારણ કે એક એવી વ્યક્તિની સાથે તેઓ આજે ઉભા છે કે જેમણે આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઘણું અદ્વિતીય કાર્ય કરેલું છે!

ત્યારબાદ અચાનક માઇક પરથી પ્રેસિડેન્ટ ટીમજી પોતાની લાક્ષણિક શૈલીથી પોતાના શબ્દોને અમારા સુધી લાવવા માટે હાસ્યના ઉદગારો સાથે કટિબદ્ધ થયા અને પોતાના અનુભવનો સાર જણાવવા લાગ્યા. પોતાની માતા જે હાલમાં ૧૦૭ વર્ષના છે તેમને ખાસ યાદ કરીને, પોતાના ૧૮ વર્ષની ઉંમરથી ટી. એસ. કાર્યોમાં વિભિન્ન રીતે જોડાતા જવાની તથા વિશેષ જવાબદારી સાથેના કાર્યોમાં આટલાં બધાં વર્ષો પસાર થવાની બાબતને ૧૫૦ વર્ષની ઉજવણીના સંદર્ભે ખૂબ જ મૂલ્યવાન સમજે છે. શિકાગોથી લઈને ન્યૂયોર્ક સુધીની વિભિન્ન જવાબદારીઓના કાર્યકર તરીકેની સફર અને ત્યાંથી અડ્યાર સુધીની આંતરરાષ્ટ્રીય પ્રમુખ તરીકેની જવાબદારીની સફર સરળ શબ્દોમાં વર્ણવે પણ છે અને તેમાંથી હજુ શું શીખી શકાય તે અંગે સ્પષ્ટ આલોચના પણ કરે છે. અમને સૌને તેમની આ લાક્ષણિક ભાષા શૈલી અને સરળ વક્તા તરીકેની મૌલિક છાપ અસર કરી ગઈ! આવા કાર્યક્રમો તો થોડાક લંબાઇ જતા પણ હોય છે એટલે આગળના કાર્યક્રમ માટે જે સામાન્ય હીલચાલ શરૂ થઈ જતી હોય તેની અનુભૂતિ પણ થતી હોય છે!

હવે આગળ ઉપર જે વર્કશોપ થયા તે અંગેની વાત હું આગળના અંકમાં કરીશ.

ooo

**થિયોસોફિકલ સોસાયટીની સ્થાપનાના**
**૧૫૦ વર્ષની ઉજવણી પ્રસંગે (૧૮૭૫ થી ૨૦૨૫) અને**
**રોહિત લોજની ડાયમંડ જ્યુબિલીના વર્ષની ઉજવણી પ્રસંગે (૧૯૫૦ થી ૨૦૨૫)**

ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનના ૯૫માં વાર્ષિક અધિવેશન પ્રસંગે રોહિત લોજના યજમાન પદે એક મહાસંમેલન તા. ૧૪, ૧૫, ૧૬ નવેમ્બર (શુક્ર, શનિ, રવિ)ના રોજ યોજાઈ રહ્યું છે.

**અધિવેશનનું સ્થળ :** દાદા ભગવાન 'ત્રિમંદિર સંકુલ', સીમંધર સીટી, અમદાવાદ કલોલ હાઈવે, અડાલજ, જીલ્લો-ગાંધીનગર. રહેઠાણ અને ભોજન વ્યવસ્થા સ્ટોપ એન્ડ સ્ટેમાં છે.

**૯૫મા અધિવેશનના મુખ્ય મહેમાન :** શ્રી પ્રદિપસિંહજી ગોહિલ, પ્રમુખ-ઈન્ડિયન સેક્શન. ડો. વિજયભાઈ પંડ્યા કે જેઓ રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા, સંસ્કૃત સાહિત્યના વિદ્વાન તથા ગુજરાત યુનિર્સિટી ઈન્ડોલોજી વિભાગના પૂર્વ અધ્યક્ષ છે. આ સિવાય પણ કેટલાક મૂર્ધન્ય મહેમાનો સામેલ થશે.

ડેલિગેટસ મિત્રોને ખાસ સૂચના કે તારીખ ૧૩મી નવેમ્બરના રોજ સાંજે ૫ થી ૬ દરમ્યાન અધિવેશન સ્થળે પહોંચવું. સાંજના ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે.

**તા. ૧૪મી નવેમ્બર ૨૦૨૫, શુક્રવાર :-**

નાસ્તા બાદ સવારે ૮.૩૦ થી ૯ દરમ્યાન ભારત સમાજ પૂજાનું આયોજન થયેલ છે. ત્યારબાદ સવારે ૯.૦૦ થી ૯.૩૦ સર્વ ધર્મ પ્રાર્થના તથા દીપ પ્રાગટ્ય સાથે અધિવેશનની શરૂઆત થશે. જેમાં સંદેશાઓનું વાંચન કરવામાં આવશે. ત્યારબાદ રોહિત લોજના મંત્રી દ્વારા અહેવાલ રજૂ કરવામાં આવશે તથા લોજ પ્રમુખ દ્વારા આવકારવામાં આવશે. ત્યારબાદ ફેડરેશન પ્રમુખ દ્વારા ઉદ્‌બોધન થશે અને અધિવેશનની શરૂઆતની જાહેરાત કરવામાં આવશે. મહેમાનો દ્વારા અધિવેશનના સુર અંગે પ્રવચનો અપાશે. બપોરે ૧૨.૦૦ થી ૨.૦૦ ભોજન અને વિરામ રહેશે.

બપોરે બે થી ત્રણ ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનના કાઉન્સિલ સભ્યોની વાર્ષિક સામાન્ય સભા યોજાશે. ૩.૦૦ થી ૩.૩૦ ચા-કોફીનું આયોજન છે. ૪.૪૫ થી ૬.૦૦ વક્તા ડો. વિજયભાઈ પંડ્યા દ્વારા જાહેર પ્રવચનનું આયોજન છે. ૭.૦૦ વાગે રાત્રી ભોજન અને ૮ થી ૯ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

**૧૫મી નવેમ્બર (બીજો દિવસ) :**

સવારે ૯.૦૦ વાગ્યાથી કાર્યક્રમની શરૂઆત થશે. બપોરે ૧૨.૦૦ વાગે ભોજન. બપોરે ૨ થી ૩ દરમિયાન ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનની નવી કાઉન્સીલ સભા અને કારોબારીની રચના. બપોરે ૩ થી ૩.૩૦ ચા-કોફીનું આયોજન છે. ૩.૩૦ થી ૬.૩૦ વૈવિધ્યપૂર્ણ પ્રવચનો યોજાશે. ૭.૦૦ કલાકે રાત્રિ ભોજન અને ૮ થી ૯ મનોરંજન અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

**સ્વ. ધર્મિષ્ઠાબેન તરુણકુમાર દેખતાવાલાના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી તરુણકુમાર એમ. દેખતાવાલા, રેવા લોજ, વડોદરા**

**૧૬મી નવેમ્બર રવિવાર (ત્રીજો દિવસ) :**

સવારે ૯ વાગ્યાથી કાર્યક્રમની શરૂઆત થશે અને ૧૨ વાગે ભોજન સાથે અધિવેશન પૂર્ણ થશે. (જે જે કાર્યક્રમો વિગતવાર અહીં જણાવ્યા નથી તે હવે પછી જણાવવામાં આવશે.)

– જી.ટી.એફ. પ્રમુખ હર્ષવદન શેઠ, ઉપપ્રમુખ નરસિંહભાઈ ઠાકરિયા તથા મંત્રી શ્રી સી.કે.સોની.

– રોહિત લોજ પ્રમુખ, શ્રીમતી રાજેશ્રી શાહ, ઉપપ્રમુખ શ્રી હર્ષવદન શેઠ અને મંત્રી શ્રી ધવલ શેઠ

---

(અનુસંધાન પાન ૧૭ પરથી)

ચંચળતા ઓછી થાય છે અને સાધક અ-મન-મનાતીત અવસ્થામાં પ્રવેશી શકે છે.

આત્મદર્શનની તીવ્ર ઇચ્છા ધરાવતા ઋષિઓએ યોગાભ્યાસથી અંતરમાં હું કોણ? એ પ્રશ્નને ભેદી સોહમનો અનુભવ કર્યો-હું એજ પરમ તત્વ છું. આ જ્ઞાન તર્કથી નહીં, પરંતુ નિર્ભવ અનુભૂતિથી પ્રાપ્ત થાય છે.

ઉપનિષદ પરંપરા સુંદર ભેદ બતાવે છેઃ જ્ઞાન (બૌદ્ધિક સમજ) સત્ય નથી; સત્યનો બોધ-સત્યબોધ-જ પરમગતિ છે. તેથી ૐકારનો અર્થ સમજવો એ શરૂઆત છે, પરંતુ સત્યનું સીધું અનુભવવું એ અંતિમ લક્ષ્ય છે.

**આધુનિક કાળમાં પ્રાસંગિકતા**

આજના ચિંતિત અને ઉથલપાથલ ભરેલ યુગમાં, ૐકારનો જપ અને ધ્યાન આંતરિક શાંતિ માટે અમૂલ્ય ઉપચાર છે. આધુનિક વૈજ્ઞાનિક અભ્યાસ પણ દર્શાવે છે કે આ નાદ મન અને નર્વ્સ સિસ્ટમને શાંત કરી તાણ ઘટાડે છે. પરંતુ એ માત્ર માનસિક આરામ નથી-ૐ આપણને યાદ અપાવે છે કે આપણા અસ્તિત્વનો મૂળ સ્વરૂપ શાશ્વત ચેતના છે.

**૧. માણ્ડૂક્ય ઉપનિષદ :**

''ૐ ઇત્યેતદક્ષરમિદં સર્વં ..ભૂતં ભવદ્ભવિષ્યદિતિ સર્વમોંકાર એવ''

અર્થઃ ૐ-આ એક જ અક્ષર સર્વ છે. ભૂત, વર્તમાન અને ભાવિ બધું જ ખરેખર ઓકાર સ્વરૂપ છે.

**૨. યોગસૂત્ર (૧.૨૭-૨૮):**

''તસ્ય વાચકઃ પ્રણવઃ ।
તજ્જપસ્તદર્થભાવનમ્ ।।''

અર્થઃ પરમેશ્વરનો વાચક પ્રણવ (ૐ) છે; તેનો જપ કરો અને તેના અર્થનું ભાવન કરો.

ૐકાર બ્રહ્માંડનું હૃદયસ્પંદન છે અને તે આપણા પોતાના આત્માનો સાક્ષી છે. તેનો જપ કરવો એ અનંત સાથે સુસંગત થવું છે; તેનું નિઃશબ્દ ધ્યાન કરવું એ અંતરમાં પ્રવાસ કરી તે સત્ય સુધી પહોંચવું છે, જ્યાં 'હું' અને 'પરમ' વચ્ચેનો ભેદ વિલીન થઈ જાય છે.

અંતે, ૐકાર એ માત્ર ધ્વનિ કે અક્ષર નથી-એ આપણા અસ્તિત્વનું અજ્ઞાત સત્ય છે. બ્રહ્માંડના આરંભથી અંત સુધી ગુંજતો આ નાદ દરેક શ્વાસમાં, દરેક હૃદયધબકારમાં પોતાને પ્રગટ કરે છે. તેના જપથી મળતી શાંતિ માત્ર મનની શાંત અવસ્થા નથી, પરંતુ તે એવી અનુભૂતિ છે જ્યાં 'હું'નો ભેદ ઓગળી જાય છે અને સાધક પોતાને અનંત સાથે એકત્વ અનુભવે છે. આ ક્ષણે neither શબ્દોની જરૂર રહે છે, neither વિચારોની-માત્ર સત્યની અકથ્ય ચમક રહે છે, જ્યાં ચેતના અને બ્રહ્માંડ એકમેકમાં સંપૂર્ણપણે વિલય પામે છે.

ॐकार बिंदुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः ।।

(બિંદુ (ચંદ્રબિંદુ) સાથે સંયુક્ત ઓકારનો નિષ્ણાતયોગીજન નિત્ય ધ્યાન કરે છે. તે મનુષ્યની ઈચ્છાઓ પૂર્ણ કરે છે ('कामदं') અને મોક્ષદાન પણ આપે છે ('मोक्षदं'). ઓકારને હરપળ નમો નમઃ) નમસ્કાર! ૦૦૦

## ધ હિડન સાઈડ ઓફ ધ થિંગ્સ

વસ્તુઓની ગૂઢ બાજુ

સી.ડબલ્યુ.લેડબીટરના પુસ્તક પર આધારિત

પ્રસ્તુતિ

શ્રી ધવલ શેઠ

રોહિત લોજ

# પ્રકરણ–૨૦

# આપણાં કાર્યની બીજાઓ પર થતી અસર

### તાલિસ્માનનું નિર્માણ

એક તાલિમ પામેલો ગુરૂ વિદ્યાનો અભ્યાસુ દરેક સ્તર પર તેવાં તત્વોને એકત્રિત કરશે કે જે હિમ્મત અને આત્મવિશ્વાસનાં તરંગોને ઝીલી શકે તેમજ તેમને ટકાવી શકે; જ્યારે એક શિખાઉ કે જેને આ બાબત વિશે જાણ નથી તે જે કાંઈ પણ તત્વો મળે છે તેનો ઉપયોગ કરી લે છે અને આથી જ તે તાલિમ પામેલી વ્યક્તિની સરખાણમીએ વધુ ઊર્જા ખર્ચી નાંખે છે. તાવિજ કે તાલિસ્માનનાં નિર્માણને શિલાલેખ પર લખાણ કરવા સાથે સરખાવી શકાય અને યોગ્ય તત્વ એકત્રિત કરવાને લખાણ કરવા માટે ચોક્કસ સપાટી બનાવવા માટે સરખાવી શકાય. એક શિખાઉ માણસ કે જે આ નથી કરી શકતો તેને લખાણ કરવા માટે વધુ મહેનત કરવી પડે છે અને તેમ છતાં પણ પરિણામ એટલું ચોક્કસ મળતું નથી. સૌથી પહેલી તકલીફ કે જેનો તેણે સામનો કરવો પડે છે તે એ છે કે તેની સપાટી સંપૂર્ણ કોરી પણ હોતી નથી; તેના કાગળ પર પહેલેથી જ કોઈ લખાણ હોય છે, કે જેને દૂર કરવું ખૂબ જરૂરી હોય છે. જો કોઈ વીંટી કે લોકેટ પહેલેથી જ કોઈ બીજી વ્યક્તિ દ્વારા પહેરાવવામાં આવેલું હોય તો તેમાં જે-તે વ્યક્તિનું મેગ્નેટીઝમ ભરેલું હોય છે. આ મેગ્નેટીઝમ પેલાં શિખાઉ વ્યક્તિનાં મેગ્નેટીઝમથી સારું કે ખરાબ હોઈ શકે છે-પરંતુ તે ભિન્ન હોવાથી હંમેશા અડચણરૂપ બની રહે છે. કાગળ લખેલું કોઈ પણ પ્રકારનું લખાણ પછી તે ગમે તેટલું સારું કેમ ન હોય તે જે તે કાગળ પર ફરીથી લખાણ કરવા માટે અડચણરૂપ બની રહે છે. ભલે વિંટી કે પેન-હોલ્ડર નવાં નક્કોર હોય પરંતુ તેની અંદર તેને બનાવનાર કે વેચનારનું ખાસ મેગ્નેટીઝમ તો હોય જ છે; તો સૌ પ્રથમ આપણા આ મેગ્નેટીઝમને કાઢવું જોઈએ. આમ કરવાની બહુ બધી પ્રક્રિયાઓ છે, તો ચાલો આપણે સૌથી સરળ પ્રક્રિયાને સમજીએ.

જમણાં હાથની તર્જનીની ટોચને જમણાં હાથનાં અંગૂઠાનાં અંત પાસે ગોઠવો કે જેથી એક રીંગનો આકાર બને અને હવે કલ્પના કરો કે આ રીંગ ઉપર ઈશ્વરની એક પરત બની જ રહી છે અને ભલે આપણે જોઈ શકતા ન હોઈએ તો પણ યાદ રાખો કે આપણી ઈચ્છાશક્તિનો દરેક પ્રયત્ન આવી પરત બનાવે છે. પ્રયોગની સફળતા માટે આપણું દૃઢપણે આ પરતની કલ્પના કરવું ખૂબ જ જરૂરી છે. તે એક હકીકત છે કે મનુષ્યની ઈચ્છાશક્તિ સૂક્ષ્મ તત્વોને પોતાના મુજબ ગોઠવી શકે છે.

પછી તમારું ધ્યાન એ પરત ઉપર સ્થિર રાખો કે જેથી તે વધુ મજબૂત બને. જે વસ્તુને ડિમોનેટાઈઝ કરવાની હોય તેને તેમાંથી પસાર કરો અને આવી રીતે તે પોતાના આગળનાં મેગ્નેટીઝમથી સંપૂર્ણપણે સ્વચ્છ થઈ જશે. તે વસ્તુ ઈથરિક તત્વથી મુક્ત નહીં થઈ જાય પરંતુ પહેલાનાં મેગ્નેટીઝમનાં ઈથરિક તત્વોના બદલે નવાં ઈથરિક તત્વો આવી જશે. જેવી રીતે કોઈ ગેસ ભરેલી ટ્યુબનાં એક છેડેતી જોરથી ફૂંક મારવાથી બધો જ ગેસ બહાર નીકળી જાય છે પરંતુ આથી ટ્યુબ સંપૂર્ણપણે ખાલી થઈ જતી નથી; આસપાસનાં વાતાવરણનું દબાણ તેને ફરીથી હવાથી ભરી દે છે. આવી જ રીતે લોકેટ અથવા તો પેન-હોલ્ડરમાંથી આગળનાં ઈથરિક તત્વો જતાં રહે તો તેની જગ્યા આસપાસનાં વાતાવરણમાંથી બીજા તત્વો લઈ લેતાં હોય છે.

હવે આ ઈથરિક પરતને ઓગળી જવા દો અને તેનું સ્થાન એસ્ટ્રલ સત્વને લેવા દો કે જેમાંથી ફરીથી તે વસ્તુને માનસિક તત્વોની પરત કે ફીલ્મમાંથી પસાર કરો. આ રીતે તે વસ્તુ ઈથરિક એસ્ટ્રલ અને માનસિક સ્તરો પર પહેલાંના કોઈ પણ પ્રકારના મેગ્નેટિઝમથી સંપૂર્ણપણે મુક્ત થઈ જશે. તે એક એવો કોરો કાગળ થઈ જશે કે જેનાં પર આપણે જે ઈચ્છીએ તે લખી શકીએ છીએ. અમુક સમયની તાલિમ બાદ અભ્યાસુ ઈથરિક એસ્ટ્રલ અને માનસિસક તત્વોનાં સંયોજનવાળી પરત બનતા શીખી જાય છે અને આખી પ્રક્રિયા જે-તે વસ્તુને એક જ વાર આ પરતમાંથી પસાર કરીને પૂર્ણ કરી શકે છે.

ત્યારબાદ અભ્યાસુએ પોતાની સંપૂર્ણશક્તિથી પોતાની જાતને એવાં ગુણોથી ભરી દેવી જોઈએ છે કે જે તે તાવિજમાં હોય-જેમ કે નીડરતા અને સ્વાવલંબનનાં ગુણો. ક્ષણભર માટે તેણે બાકીનાં બધાં જ વિચારોને બાજુ પર કરીને પોતે જાણે આ ગુણોનો અવતાર છે તેમ બની જવું પડે. હવે જ્યારે તે પોતાને આવી રીતે ભરી દે છે ત્યારે તેણે પોતાના ડાબા હાથમાં તે વસ્તુને પકડવી જોઈએ અથવા તો પોતાની સામે કોઈ ટેબલ પર મુકવી જોઈએ અને પોતાના જમણા હાથની આંગળીઓ દ્વારા પોતાનું મેગ્નેટીઝમ એ વસ્તુમાં પસાર કરવું. આ સંપૂર્ણ સમય દરમિયાન તેણે પોતાની બધી જ ઈચ્છાશક્તિથી એ વિચારવું જોઈએ કે તે વસ્તુ બહાદુરી, શાંતિ અને નીડરતાનાં ગુણોથી ભરાઈ રહી છે.

આ તેને ધ્યાન કેન્દ્રિત કરવામાં પણ મદદ કરશે, જો તેમ કરતી વખતે તે દઢતાપૂર્વક આવાં વાક્યો ઉચ્ચારે, ''ગુરુદેવો હિમ્મત અને આત્મવિશ્વાસ આપી રહ્યા છે,'' આ વસ્તુ જ્યાં હશે ત્યાં કોઈ પણ ડર નહીં રહે.અથવા આવા બીજાં વાક્યો પણ તે ઉચ્ચારી શકે છે. આવું તે અમુક મીનીટો સુધી કરે અને તે દરમિયાન એક ક્ષણ માટે પણ તેનું ધ્યાનભંગ થવું ન જોઈએ. તેના મનમાં એવી શંકા પણ હોવી ન જોઈએ કે તેનું તાલિસ્માન કારગર રીતે બન્યું છે કે નહીં.

શીખાઉ વ્યક્તિ માટે આ પ્રક્રિયા સમય માંગી લે છે પરંતુ અનુભવી વ્યક્તિ તેને ત્વરિતપણે અને આસાનીથી કરી શકે છે. તાલિમબદ્ધ ગૂઢ વિદ્યાનો અભ્યાસુ આ શક્તિનો ઉપયોગ બીજા લોકો કે જેની સાથે તે સંપર્કમાં આવે છે તેમને મદદ કરવા માટે સતત કરતો રહે છે તે ક્યારેય પણ કોઈ પણ કે પછી કોઈ પોસ્ટકાર્ડને પણ મેગ્નેટાઈઝ કર્યા વિના મોકલતો નથી. અગાઉ જણાવેલી પ્રક્રિયા સિવાય પણ બીજા ઘણાં બધાં પ્રકારે તાલિસ્માન બનાવી શકાય છે. ભલે આ બીજી બધી પ્રક્રિયાઓ સામાન્ય અભ્યાસુની સમયની બહાર હોય તો પણ તેનો અભ્યાસ કરવાથી આ વિષયને વધુ સારી રીતે સમજી શકાશે.

## તાલિસ્માનનાં પ્રકારો

તાલિસ્માન વિવિધ પ્રકારનાં હોય છે . બીજી રીતે કહીએ તો તેઓ હજારો પ્રકારનાં હોય છે. પરંતુ તેમને મુખ્ય ચાર ભાગોમાં વહેંચી શકાય છે. આ ચાર ભાગો આ પ્રમાણેનાં છે : (૧) સામાન્ય (જનરલ; General); (૨) અનુકૂલિત (એડેપ્ટેડ; Adapted); (૩) ઉત્તેજિત (એનસોલ્ડ; Ensouled) (૪) જોડાયેલ (લીંક્ડ; Linked).

### (૧) સામાન્ય (જનરલ; General):

અગાઉ જણાવેલી પ્રક્રિયા આ પ્રકારનું તાલિસ્માન બનાવે છે. તાલિમ પામેલો માણસ ઓછી મહેનતથી વધુ સારું તાલિસ્માન બનાવી શકે છે; કેમકે તેની ઈચ્છાશક્તિ મજબૂત હોવાની સાથે તે એ પણ જાણે છે કે આ પ્રક્રિયામાં કયા પ્રકારનાં તત્વોનો ઉપયોગ કરવો. આથી તેણે બનાવેલું તાલિસ્માન વધુ કારગર હોય છે. તે અમુક મહિનાઓ જ નહીં પરંતુ ઘણાં વર્ષો સુધી ચાલે છે. આ પ્રકારનું તાલિસ્માન ખૂબ જ સરળ હોય છે; તેનું કામ તેને જે લાક્ષણિકતાથી ચાર્જ કરેલું હોય તેનાં તરંગોનાં પ્રવાહો સતત બહાર ફેંકતા રહેવાનું છે. જ્યાં સુધી તેનામાં પૂરવામાં આવેલી શક્તિ ખાલી ન થઈ જાય ત્યાં સુધી તે આ કાર્ય સતત કરતું રહે છે. (ક્રમશઃ)

## પ્રેરણાદાયી પુસ્તક “ પારસના સ્પર્શે “ નું લોકાર્પણ

પ્રસ્તુતિ
શ્રી ઉદય જે. પાકાવાલા
સભ્યશ્રી, ટીઓએસ, સુરત
મો. ૭૯૮૪૦૧૮૧૮૫



સનાતનલોજ સુરતના એનીબેસન્ટહોલ માં TS અને TOS સુરત તથા સહયોગી સંસ્થાઓના સથવારે GTF ના પૂર્વ ઉપપ્રમુખશ્રી તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિશ્રી સ્વ. ડો. જયેશભાઈ દેસાઈની પંચવર્ષીય સ્મરણાંજલિ રૂપે તેમના ધર્મપત્ની અને અમદાવાદલોજના સંનિષ્ઠ સભ્ય તથા દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના  નિરંતર શિક્ષણ વિભાગના પૂર્વ નાયબ નિયામક તથા પરીક્ષા વિભાગના પૂર્વ ઇન્ચાર્જ નિયામક ડો.અનસૂયાબેન દેસાઈ દ્વારા પ્રખર લોકસેવક તથા મુઠીઊંચેરા માનવી સ્વર્ગસ્થ શ્રી રવિશંકર મહારાજ(દાદા) સાથેના સુવર્ણમય સંસ્મરણોનું આલેખન કરતું જીવન તથા કારકિર્દી ઉત્થાનની પ્રેરણા આપતું અણમોલ પુસ્તક“પારસના સ્પર્શે“ નું લોકાર્પણ તા. 30 ઓગસ્ટ શનિવારના રોજ સાંજે ૪ વાગે શાનદાર અને દબદબાપૂર્ણ રીતે સંપન્ન થયું. આ કાર્યક્રમમાં લગભગ (૭૫) વ્યક્તિઓ ઉપસ્થિત રહી હતી.

નેશનલ લેક્ચરર, લોજ પ્રમુખશ્રી તથા GTF ઉપપ્રમુખશ્રી નરસિંહભાઈ ઠાકરિયા દ્વારા વૈશ્વિક પ્રાર્થનાથી કાર્યક્રમનો શુભારંભ થયો. બાદમાં ઉપસ્થિત સૌએ સ્વ.ડો. જયેશભાઈ દેસાઈને ઊભા થઈને સન્માનપૂર્વક મૌન અંજલિ પ્રદાન કરી. વિવિધ સ્થળોએથી મહાનુભાવો દ્વારા આવેલા લગભગ (૮૦) સંદેશાઓનું ટૂંકમાં શ્રીમતી બિંદુબેન દોશી દ્વારા વાંચન કરાયું. બાદમાં ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવોનું સુતરની આંટી તથા ગુલાબના પુષ્પથી આદરપૂર્વક સ્વાગત કરાયું. ત્યારબાદ ડો. અનસૂયાબેન દેસાઈ દ્વારા ઉપસ્થિત મહેમાનોનો પરિચય ભાવવાહી રીતે કરાયો. બાદમાં પ્રો.શ્રી નરેશ કાપડિયા દ્વારા  પુસ્તકનો સુંદર રીતે તલસ્પર્શી પરિચય અપાયો.

ભવ્ય લોકાર્પણ :-ત્યારપછી કાર્યક્રમનો મહત્વનો ભાગ  પુસ્તકવિમોચન તથા લોકાર્પણ ઉપસ્થિત  દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિશ્રીઓ ડો.બી.એ પરીખ, પ્રો. પ્રેમ શારદા, ડો.અશ્વિનભાઈ કાપડિયા, ડો. દક્ષેશભાઈ ઠાકર તેમજ નેશનલ લેક્ચરરશ્રી નરસિંહભાઈ ઠાકરિયા, ફેડરેશન ટ્રસ્ટીશ્રી કાંતિભાઈ પટેલ જેવા ધુરંધર મહાનુભાવો દ્વારા યોજાયું ત્યારે હોલ તાલીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યો.

ઉપસ્થિત શિક્ષણ અને આધ્યાત્મના ઉચ્ચકોટી પર બિરાજમાન મહાનુભાવોએ પ્રસ્તુત પુસ્તક તથા સ્વ.શ્રી રવિશંકર મહારાજ,સ્વ.ડો. જયેશભાઈ દેસાઈ અને ડો. અનસૂયાબેન દેસાઈના સેવા, સમર્પણ અને કાર્યનિષ્ઠાની મુક્તકંઠે પ્રશંસા કરી અને આવા ગુણોને સૌએ જીવનમાં આત્મસાત કરવા જણાવ્યું.

લોજના ઉપપ્રમુખ શ્રી ઉદય પાકાવાલા દ્વારા TS નો તથા  ગુજરાત TOSના પ્રમુખ શ્રી હિતેશભાઈ પટેલ દ્વારા TOS નો સંક્ષિપ્ત પરિચય  આપી સૌને માહિતગાર કરીને આધ્યાત્મિક અને સેવાભાવી આ સંસ્થામાં જોડાવા સૌને આહ્વાન કર્યું.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત વડોદરાના ઉદ્યોગપતિ શ્રી ભરતભાઈ દોશી, રાષ્ટ્રભાષા પ્રચારક મંડળ સુરતના પ્રમુખ શ્રી ડો. રાજેશ હજીરાવાલા, રોટરી ક્લબ ઓફ ડાયમંડ સિટી સુરતના મંત્રીશ્રી ચંદ્રકાંત પટેલ , સમાજસેવક શ્રી અતુલભાઈ પાઠકજી તથા અન્ય ઘણા બધા મહાનુભાવો એ પુસ્તકની મુક્તકંઠે પ્રશંસા કરી.

ઉપસ્થિત સૌને આ પુસ્તક વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવાયું.

જીટીએફ તથા લોજના સહમંત્રીશ્રી ડો.પ્રશાંતભાઈ શાહ દ્વારા ભાવવાહી રીતે આભારવિધિ કરાઇ. સમાપન વખતે સૌએ ઉભા થઇ સન્માનપૂર્વક રાષ્ટ્રગીતનું ગાન કર્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કારોબારી સભ્ય ડો. દીપિકાબેન પાઠકજીએ ખૂબ સુંદર રીતે કર્યું.

અંતે સેવખમણી તથા ચા ને માણી પ્રસ્તુત પુસ્તકના સંસ્મરણોને વાગોળતા સૌ છૂટા પડ્યા.

## ટીઓએસ દ્વારા યોજાયેલ વૃક્ષારોપણનો શાનદાર અને ભવ્ય કાર્યક્રમ

પ્રસ્તુતિ
શ્રી ઉદય જે. પાકાવાલા
સભ્યશ્રી, ટીઓએસ, સુરત
મો. ૭૯૮૪૦૧૮૧૮૫



તારીખ ૧૬ સપ્ટેમ્બર મંગળવારના રોજ બપોરે ૪.૦૦ વાગે અઠવા લાઈન્સની સુપ્રસિદ્ધ વનિતાવિશ્રામ સંગીતવિદ્યાલય પાસે યોજાયેલા સુરત ટીઓએસનો વૃક્ષારોપણ કાર્યક્રમ શાનદાર અને ભવ્ય રીતે સંપન્ન થયો.

ઉપરોક્ત કાર્યક્રમમાં ટીઓએસ ગુજરાત પ્રમુખશ્રી હિતેશભાઈ પટેલ, ખજાનચી ચંદ્રકાંતભાઈ સરડવા, નેશનલ લેકચરર શ્રી નરસિંહભાઈ ઠાકરિયા, ફેડરેશન ટ્રસ્ટીશ્રી કાંતિભાઈ પટેલ સહિત સનાતન લોજના વરિષ્ઠ સભ્યો સર્વશ્રી રંજનભાઈ ઠક્કર, ધીરુભાઈ દોમડિયા, બીજલબેન શાહ તેમજ વનિતાવિશ્રામ ટ્રસ્ટના મંત્રીશ્રી મનોહરભાઈ દેસાઈ તેમજ કેમ્પસના ઈન્ચાર્જ શ્રીમતી સીમાબેન પાટીલ સહિત ઉપસ્થિત સર્વેએ હાજર રહી વૃક્ષારોપણના કાર્યક્રમમાં રસપૂર્વક ભાગ લીધો હતો.

ઉપરોક્ત કાર્યક્રમમાં હાજર મહાનુભાવો તથા સનાતન લોજના માનનીય સભ્યો દ્વારા આ આંબો, ચંપો અને કરેણના કુલ મળીને લગભગ ૪૫ રોપાઓનું શાનદાર અને ગૌરવપૂર્ણ રીતે વાવેતર કરવામાં આવ્યું. જેની હવે કેમ્પસના માળી દ્વારા નિયમિત રીતે માવજત કરવામાં આવશે એ રીતે ખાતરી લેવામાં આવી.

ઉપરોક્ત કાર્યક્રમમાં ટીઓએસ ગુજરાતના પ્રમુખ શ્રી હિતેશભાઈ પટેલ તરફથી ૩,૦૦૦/- તથા ખજાનચીશ્રી ચંદ્રકાંતભાઈ સરડવા તરફથી ૧,૫૦૦/-ની ઉદાર સખાવત મળી હતી, જે આ કાર્યક્રમ કરવામાં મદદરૂપ થઈ હતી.

શહેરી વિસ્તારમાં દિનપ્રતિદિન વધી રહેલા વાયુપ્રદૂષણને નિવારવા અને શહેરીજનોને શુદ્ધ તાજી ઓક્સિજનયુક્ત હવા માટે વૃક્ષો એ આશીર્વાદ સમાન છે. વૃક્ષો સામાન્યજનને તાજી ઓક્સિજનયુક્ત હવા તાજગી, માનસિક શાંતિ અને સુખાકારી પૂરી પાડે છે. થિયોસોફીએ કરેલા આંતરિક પર્યાવરણની સાથે બાહ્ય પર્યાવરણને સુધારવાના આ નમ્ર પ્રયાસની ઉપસ્થિત મહાનુભાવોએ મુક્ત કંઠે પ્રશંસા કરી.

૦૦૦

## થિયોસોફીકલ સોસાયટીની સ્થાપનાના
## ૧૫૦ વર્ષની ઉજવણી પ્રસંગના સોવિનિયરના જાહેરાતના દર

રોહિત લોજના યજમાન પદે ૯૫મું વાર્ષિક અધિવેશન તા. ૧૪, ૧૫, ૧૬ (શુક્ર, શનિ, રવિ) નવેમ્બર-૨૦૨૫ના રોજ યોજાશે. અધિવેશનનું સ્થળ - દાદા ભગવાન 'ત્રિમંદિર સંકુલ (સ્ટોપ એન્ડ સ્ટેમાં) સીમંધર સીટી, અમદાવાદ-કલોલ હાઈવે, અડાલજ, જીલ્લો-ગાંધીનગર છે. અધિવેશનમાં ડેલીગેશન ફી રૂા. ૧૦૦૦/- રાખવામાં આવી છે.

આ શુભ કાર્યમાંમ આપના આર્થિક સહયોગ માટે આપ સૌને ડોનેશન માટે વિનંતી કરવામાં આવે છે. આ પ્રસંગે એક 'સ્મૃતિ ગ્રંથ' સોવિનિયર બહાર પડશે જેમાં આપના સૌજન્યનની વિગતો છપાશે. સોવિનિયર માટે જાહેરાતના દર નીચે મુજબ છે :

**– ટાઈટલ પેજ નંબર બે અથવા ત્રણ – ૨૦,૦૦૦/–**

**– ટાઈટલ પેજ નંબર ૪ – ૩૦,૦૦૦/–, આખું પાનું – ૧૦,૦૦૦/–**

**– અડધું પાનું – ૫૦૦૦/–. શુભેચ્છક – ૧૦૦૦/–.**

**નીચે દર્શાવેલ રીતે ચુકવણી કરી શકાશે.**

**૧. ચેક દ્વારા Rohit Lodge Theosophical Society ના નામનો લખવો.**

**૨. UPI થી જો ચુકવણી કરવી હોય તો મોબાઈલ નંબર ૮૯ ૮૦ ૯૪ ૨૫૧૫ ઉપર કરવી.**

**૩. ઓનલાઈન ટ્રાન્સફર : Rohit Lodge Theosophical Society. Bank : The Ahmedabad District Cooperative Bank, Branch : Naranpura. S/B A/c No. 607077029062. IFSC : GSCB0ADC077.**

ડેલિગેશન ફી 'વહેલા તે પહેલા' પ્રમાણે સ્વીકારવામાં આવશે. નિર્ધારિત સંખ્યા થઈ જવાથી રજીસ્ટ્રેશન વહેલું પણ બંધ થશે જે અંગેની જાણ વખતોવખત કરવામાં આવશે. સામાન્ય રીતે સપ્ટેમ્બર મહિનાની આખર તારીખ સુધી રાહ જોવાશે.

આભાર સહ !

પ્રમુખ : શ્રીમતી રાજેશ્રી શાહ

મંત્રી : શ્રી ધવલ શેઠ

રોહિત લોજ, અમદાવાદ

ધર્મ એવું કાંઈક છે કે જેમાં બધી જ બાબતોનો સમાવેશ થઈ જાય છે, તેમાંથી કોઈ વસ્તુ બાકાત રહેતી નથી. ધાર્મિક મનને કોઈ રાષ્ટ્રીયતા નથી હોતી; તે કોઈ ખાસ સંગઠિત જૂથનો નથી હોતો. તે દસ હજાર વર્ષોના કે બે હજાર વર્ષોના પ્રચારનું પરિણામ નથી. તેમાં માની લેવા જેવી કોઈ વાત નથી. તે એવું મન છે કે જે એક હકીકત ઉપરથી બીજી હકીકત ઉપર આવે છે. તે એવું મન છે કે જે વિચારની સંપૂર્ણ ગુણવત્તા સમજે છે. – માત્ર સ્પષ્ટ, ગંભીરતા વગરના વિચારો, કેળવાયેલા વિચારો જ નહીં પરંતુ કેળવાયેલા ન હોય તેવા વિચારો, છેક ઊંડા અચેતન મનના વિચારો અને હેતુઓને પણ સારી રીતે સમજે છે. **– જે કૃષ્ણમૂર્તિ**

# કર્મના સિદ્ધાંતનું માર્ગદર્શન

પ્રસ્તુતિ
સૂર્યકાન્ત ડી. પટેલ
પ્રમુખશ્રી
પૂર્ણાનંદ લોજ, પેટલાદ.
મો. ૯૪૨૭૩૮૬૧૯૮

ભગવાન ક્યારેય ભાગ્ય નથી લખતા. જીવનના દરેક ડગલાં પર આપણો વિચાર, આપણો વ્યવહાર આપણું કર્મ જ આપણું ભાગ્ય લખે છે.

નીતિ સાચી હશે તો નસીબ ક્યારેય પણ ખરાબ નહીં થાય.

બીજો માણસ આપણામાં વિશ્વાસ મૂકે એજ આપણા જીવનની સૌથી મોટી સફળતા છે.

દુઃખ ભોગવનાર વ્યક્તિ આગળ જઈને કદાચ સુખી થઈ શકે છે.પરંતુ દુઃખ આપનાર વ્યક્તિ આગળ જઈને ક્યારેય સુખી થતો નથી.

માણસાઈ દિલમાં હોય છે હેસિયતમાં નહીં. ઉપરવાળો માત્ર કર્મો જ જુએ છે વસિયત નહીં.

તમે ગમે તેટલા શતરંજના મોટા ખેલાડી હો, પરંતુ સરળ વ્યક્તિ સાથે કરેલ કપટ તમારી બરબાદીના તમામ રસ્તા ખોલી નાખે છે.

પ્રાણ ગયા પછી શરીર સ્મશાનમાં બળે છે અને સંબંધોમાંથી પ્રેમ ગયા પછી માણસ મનોમન બળે છે.

જીવનમાં સ્વાર્થ પૂરો થઈ ગયા પછી અને શરીરમાંથી શ્વાસ છૂટી ગયા પછી કોઈ કોઈની રાહ જોતું નથી.

જે જોઈએ તે મેળવીને જ જંપવું એ કદાચ સફળ માણસની નિશાની છે. પણ જે મળ્યું હોય એમાં હસતો ચહેરો રાખીને જીવે એ સુખી માણસની નિશાની છે.

ઈશ્વર જ્યારે આપે છે ત્યારે સારું આપે છે અને નથી આપતો ત્યારે વધુ સારું મેળવવાનો રસ્તો આપે છે. પણ જ્યારે રાહ જોવડાવે છે ત્યારે તો સૌથી ઉત્તમ ફળ જ આપે છે.

આ ચરણ તો માત્ર મંદિર સુધી જ લઈ જઈ શકે. પણ આચરણ તો પરમાત્મા સુધી લઈ જઈ શકે. કર્મની ગતિ અટપટી છે. કારણ કે જીવન અટપટું છે. એક માણસ દુઃખી કેમ અને બીજો સુખી કેમ ? વધારે આશ્ચર્ય તો એ દેખાય છે કે હરામખોરો, લુખ્ખાઓ, કાળાબજારીયાઓ, લાંચ લેનારાઓ સુખી દેખાય છે. તેમની પાસે બંગલા, મોટરો, પંખા, રેડિયો, લાખો રૂપિયા છે. જ્યારે ન્યાય-નીતિ ધર્મથી પવિત્ર જીવન જીવનારા લોકો દુઃખી દેખાય છે. તેનું શું કારણ ? આવું જ્યારે જગતમાં પ્રત્યક્ષ દેખાય છે ત્યારે ઈશ્વરમાં આપણી શ્રદ્ધા ડગી જાય છે. સૃષ્ટિના સંચાલનમાં કોઈ કાયદો કાનૂન હશે કે નહિ ? કે બધે જ અંધેર ચાલે છે. આવો પ્રશ્ન થાય છે. આવું જોઈને આપણને કેટલીક વખત એમ લાગે છે કે 'ખુદા કે ઘર અંધેર હૈ.'

પરંતુ ખરી હકીકત એ છે કે ખુદા કે ઘર દેર ભી નહિ હૈ ઔર અંધેર ભી નહિ હૈ. આ વાતને યથાર્થ રીતે સમજવા માટે કર્મના કાયદાનો અભ્યાસ કરવાની જરૂર છે.

કર્મ કર્યું કે તેનું ફળ ચોંટ્યું જ સમજી લો. પછી તમે ફળ ભોગવવામાંથી છટકી શકો જ નહિ. છટકવા ગમે તેટલા ઉધામા કરો પણ ફળ ભોગવ્યા સિવાય કર્મ શાંત થાય નહિ. તમારી પાછળ ફળ ભમ્યા જ કરે. વહેલું કે મોડું તે ભોગવવું જ પડે છે. કદાચ તમે બહુ બુદ્ધિશાળી હો અને આ દુનિયાની કોર્ટમાંથી સારો વકીલ રોકીને છટકી ગયા હો તો પણ ઉપલી સુપ્રિમ કોર્ટ - કુદરતની કોર્ટ તમને પકડી પડશે, છોડશે નહિ. ત્યાં કોઈ વકીલની દલીલ કે સિફારસ ના ચાલે.

જે કર્મ જેટલાં કરો અને જેવી રીતે કરો તેટલું જ અને તેવી રીતનું જ પ્રારબ્ધ નિર્માણ થાય. અને તેટલું જ પ્રારબ્ધ ફળ મળે. તેથી જરા પણ ઓછું કે વધતું મળે નહિ. જન્મ લેતી વખતે જેટલું કર્મ પાકીને ફળ આપવા પ્રારબ્ધ બન્યું હોય તેટલું જ પ્રારબ્ધ કર્મ ભોગવવાને અનુરૂપ દેહ મળે અને માતા-પિતા સ્ત્રી પુત્રાદિક પણ તેટલું જ પ્રારબ્ધ ભોગવવાને અનુરૂપ પ્રાપ્ત થાય. તમારા પ્રારબ્ધને અનુરૂપ જ સગવડો તમને તે માતા-પિતાના ઘરમાંથી પ્રાપ્ત થાય. કયા માતા-પિતાને ત્યાં જન્મ લેવો છે તેની પસંદગી આપણે કરવાની હોતી નથી. આ બધા ઋણાનુબંધો તમારા પ્રારબ્ધવશાત જ આ જીવનકાળ દરમ્યાન તમને આવી મળે છે.

કોઈપણ માણસ એક ક્ષણ પણ કર્મ કર્યા સિવાય રહી શકતો નથી. તે કર્મ ના કરે તો તેની શરીરયાત્રા અટકી પડે. નહાવું-ધોવું, ખાવું-પીવું, ઉઠવું, બેસવું, બોલવું સૂઈ જવું, ઊંઘવું, જોવું, શ્વાસોચ્છવાસ લેવો. જીવનવિર્વાહ માટે નોકરી-ધંધો કરવો, શરીર-સ્વાસ્થ્ય માટે કસરત વગેરે અનેક કાર્યો કરવાં જ પડે છે. એટલે કર્મ તો જન્મથી મરણ સુધી કરવાં જ પડે છે. પરંતુ ક્રિયમાણ કર્મ કરવામાં એણે એવી રીતે કુશળતાપૂર્વક કર્મો કરવા જોઈએ કે જેથી તે કર્મો તાત્કાલિક ફળ આપીને શાંત થઈ જાય અને તે સંચિત કર્મોમાં જમા થવા પામે નહિ અને તો જ કે કર્મોને લાંબે ગાળે ભવિષ્યમાં પ્રારબ્ધ રૂપે ભોગવવા બીજું શરીર ધારણ ના કરવું પડે. માટે માણસે એવા ક્રિયમાણ કર્મ કરવાં જ જોઈએ કે જેથી તે સંચિતમાં જમા થાય નહિ.

ક્રિયમાણ કર્મ પાકીને પ્રારબ્ધ રૂપે આવીને સામે ખડા થયાં હોય તે તો ભોગવ્યે જ છૂટકો. જીવનકાળ દરમ્યાન જેટલાં પ્રારબ્ધ કર્મ ભોગવવાનાં નક્કી થયાં છે તેટલાં પૂરેપૂરાં ભોગવી લીધા પછી જ દેહ છૂટે તે પહેલાં નહિ. તેમાંથી કોઈ છટકી શકે નહિ. મોટા જ્ઞાનીઓ, મહર્ષિઓ, વિદ્વાનોએ પણ પ્રારબ્ધમાંથી છટકવા પ્રયત્ન કર્યો નથી અને છટકી શકવાના પણ નથી.

શુભ કર્મનું ફળ સુખ ભોગવવા પણ દેહ ધારણ કરવો જ પડે અને પાપકર્મનું ફળ દુઃખ ભોગવવા પણ દેહ ધારણ કરવો જ પડે. ફળ ભોગવવા માટેનું સાધન દેહ છે. દેહ ધારણ કરે તો જ ફળ ભોગવી શકાય. એટલે શુભ અગર અશુભ કર્મનાં ફળ ભોગવવા દેહ ધારણ કરવો જ પડે અને એટલે જ જન્મ-મરણના ચક્કરમાં આવવું પડે અને એટલે જ જન્મમરણના ચક્કરમાં રહે ત્યાં સુધી મોક્ષ મળ્યો ગણાય નહિ. દેહ ધારણ ન કરવા પડે તેવી પરિસ્થિતિનું નામ જ મોક્ષ અને જ્યાં સુધી શુભ અગર અશુભ કર્મોના ઢગલા સંચિત કર્મમાં જમા થયેલા હોય અને તે પૂરેપૂરા ભોગવી ના લેવાય ત્યાં સુધી આ સંસાર ચક્ર ચાલ્યા જ કરે. દેહ ધારણ કરવો પડે એ જ ખરું બંધન છે. શુભ કર્મના ફળ સ્વરૂપે સુખ ભોગવવા દેહ ધારણ કરવો પડે તે સોનાની બેડી અને અશુભ કર્મના ફળ સ્વરૂપે દુઃખ ભોગવવા દેહ ધારણ કરવો પડે તે લોખંડની બેડી છે. પરંતુ બંને રીતે શુભ અને અશુભ બંને પ્રકારનાં કર્મ તેનાં ફળ ભોગવવા માટે તે જીવને દેહ ધારણ કરવાની ફરજ પાડે છે. અને તે જ રીતે બંને શુભ અગર તો અશુભ કર્મ, એટલે કે કર્મ માત્ર જીવને બંધનકર્તા છે. પછી તે બેડી સોનાની હોય કે લોખંડની હોય. પરંતુ આખરે બંધન તો રહે જ. સુપાત્રે દાન કરો તો ફળ રૂપે સુખ ભોગવવા દેહ ધારણ કરવો પડે. અને કુપાત્રે દાન કરો તો તેના ફળ સ્વરૂપે દુઃખ ભોગવવા દેહ ધારણ કરવો પડે.

ક્રિયમાણ કર્મ એટલે માણસ સવારે જાગે અને ઊઠે ત્યારથી રાત્રે સૂઈ જાય ત્યાં સુધી તે જે જે કર્મ કરે એ ક્રિયમાણ કર્મ કહેવાય છે. ૦૦૦

**સ્વ. કલાબેન કાંતિલાલ પટેલના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી કાંતિલાલ પી. પટેલ, સનાતન લોજ, સુરત.**

## અહંકાર અને આસક્તિયુક્ત દુનિયામાં જીવો છો

પ્રસ્તુતિ
શ્રી કાંતિલાલ પી. પટેલ
ટ્રસ્ટી અને પૂર્વ ઉપપ્રમુખ
જી.ટી.એફ.
મો. ૯૩૭૪૯૯૮૮૬૦

માણસના જીવનમાં વિદ્યા, દાન અને શક્તિનો આત્મિક સત્ય સ્વરૂપ થઈને આસક્ત ભાવનો સ્વીકાર કરીએ. તમારી વિદ્યા, ધન અને શક્તિ ત્રણેયનો સ્વસ્થ ચિત્તે આત્મિક સત્યના આધારે આત્મિક સત્યની ગહનતાને જાણી સમજીને વિદ્યા, દાન અને શક્તિનો ઉપયોગ શુદ્ધ પવિત્ર અને અંતઃકરણથી કરો.સત્ય હકીકત એ છે કે તેનાથી જ માનવીનાં સત્યસ્વરૂપનું ઉર્ધ્વીકરણ થાય છે અને અંતઃકરણમાંથી પરમ આનંદ આત્મિક સ્વરૂપતા જ અંતરમાંથી લઈ આવીને પરમ આનંદ ઉપલબ્ધ કરે છે. આમ પરમ આનંદ એજ જીવનની ફળશ્રુતિ છે.

આ જગતમાં માનવ પોતાના સ્વાર્થ માટે જીવતો હોય છે તે સત્ય છે, પણ જે માણસ પોતાના જ આત્મિક સત્યમાં સ્થિત થઈને અનાસક્ત ભાવનો સ્વીકાર કરી જીવે છે તે જ આત્મ જ્ઞાન છે. એ જ જીવનનું સત્ય છે. ગીતા આને જીવન યોગ કહે છે. સત્ય સ્વરૂપ અને અનાસક્ત આધારિત, આત્મિક સત્ય સ્વરૂપ શુદ્ધ અંતરની, શુદ્ધ ભાવનાથી જીવન જીવનાર વ્યક્તિ પોતે વ્યક્તિ મટી સૃષ્ટિનું એક અંગ બની જાય છે. જો તમારી પાસે આત્મિક સત્ય પામવાની ક્ષમતા હોય તો સમગ્ર પદ્ધતિમાંથી જે સત્યનો જીવન સંદેશ પ્રાપ્ત થાય છે એનું નામ છે સત્યની અનુભૂતિ અને અનુભવ એ જ જીવનની પૂર્ણતા તૃપ્તિ અને પરમ સંતોષ છે.

માનવ જીવનમાં ઘાતક અને વિનાશકારી પરિસ્થિતિનું નિર્માણ કરનાર અહંકાર, રાગ હોય, તૃષ્ણા, મોહ, વાસના અને મમત્વભાવ જીવનના આત્મિક સત્યનો નાશ કરી નાંખે છે. પણ આમ જોવા જઈએ તો અહંકાર, મોહ, તૃષ્ણા કોનામાં હોતા નથી? પરંતુ એ અહંકાર, તૃષ્ણા, કામના, વાસના વગેરે જ્યારે અસત્યરૂપ સ્વાર્થયુક્ત થઈને બીજાની બનાવટ કરીને શોષણ કરે છે, બીજાના હૃદય પર ઘાત કરે છે, બીજાના મનમાં ને મનમાં કાંટો ભોંકે છે, બીજાના શીલ, સત્ય અને નિષ્પાપપણાંની સામે અહંકાર બાથ ભીંડે છે, ત્યારે એ તૃષ્ણા, કામના અચાનક પ્રચંડ સ્વરૂપ ધારણ કરે છે. જેથી માણસ પોતાના આત્મિક સત્યથી, આત્મ જ્ઞાનથી વંચિત થઈને અજ્ઞાનમાં અને અવિદ્યામાં ઢળી પડે છે અને અશક્ત બનીને અસત્યના આધારે જ પ્રવૃત્તિ કરે છે. એ જ જીવનનું મહાદુઃખ છે, ચિંતા છે, તાંડવ છે. આમ પોતાની ભીતરમાં પડેલા અને પેધી ગયેલા અહંકાર, તૃષ્ણા, વાસના, કામના વગેરેની આત્મિક સ્વરૂપ થઈને આત્મધ્યાનથી આંતર સાધના કરી અંતઃકરણ નિર્મળ બનાવી શુદ્ધ નિર્મળ મનથી આ બધાની ઓળખ કરીને તેને જાણવા જોઈએ, તેની પ્રવૃત્તિથી માહિતગાર થવું જોઈએ. આવી માહિતી અને જાણકારી થતાં જ માણસ આનાથી મુક્ત જ થઈ જાય છે.

૦૦૦

સૌજન્ય : શ્રી ફખરૂદ્દીનભાઈ ટી. કપાસી
ભાવનગર લોજ

## "પ્રેરણા"

પ્રસ્તુતિ
શ્રી ગોરધનભાઈ પ્રજાપતિ
પ્રમુખશ્રી
સંતરામ લોજ, નડીયાદ

પ્રત્યેક સવાર જીંદગીની નવી શરૂઆત છે. તેમ દરેક પુસ્તક પણ નવા વિચારોનું પ્રેરકબળ છે. જેમાંથી પ્રેરણા મળે છે. નવું જીવન જીવવાની દિશા મળે છે. દશા અને દિશા. દશા કરતાં દિશા મહત્વની છે. થિયોસોફીનું પાઠ્ય પુસ્તક આપણા માટે પ્રેરકબળ છે. માત્ર વ્યાખ્યાનો કે વક્તવ્યો આપનાર કે લખનાર નહીં પણ થિયોસોફીના વિચારોની આપ-લે કરનાર જ સાચો થિયોસોફિસ્ટ છે.

થિયોસોફીમાં બ્રહ્મવિદ્યાના દર્શન એ મનુષ્યોએ જાગૃત કરેલી આવી શક્તિઓનું પરિણામ છે. વર્તમાન, ભૂત અને ભવિષ્ય એ ત્રણ શિર્ષક હેઠળ માનવી કાર્યરત છે. ભૂતકાળ યાદ કરી માણસ નિરાશ થાય છે. ભવિષ્યની ચિંતા કરતો રહે છે. અને આ બંનેના કારણે તે વર્તમાન ભૂલીને હેરાન થાય છે. દિવ્યચક્ષુ થિયોફિસ્ટ ચાર્લ્સ વેબસ્ટર લેડબીટરના વિચારો સમજી માણસે વર્તમાનની ભૂમિકા સફળતાપૂર્વક ભજવવી જોઈએ. આધુનિક માનવ શાંતિની શોધમાં જઈ રહ્યો છે ત્યારે તે પોતે ઘરમાં બેઠા-બેઠા દૂરની વ્યક્તિ સાથે ઈન્ટરનેટ કે વિડીયોકોલ દ્વારા હસીને વાતચીત કરી શકે છે. પણ પોતાના ઘરમાં પોતાની સાથે કે સામે બેઠેલા પોતાના સ્વજનો સાથે વાતચીત કરી શકતો નથી. આજ તેની સૌથી મોટી લાચારી કે કરૂણતા છે.

બધાં જ ધર્મ પાછળનું સત્ય હોય તો તે થિયોસોફી છે. જન્મ અને મૃત્યુ વચ્ચેની પ્રક્રિયા પ્રતિક્રિયા એ જ જીવનની પરિભાષા છે. થિયોસોફીનો સૌથી આકર્ષક લાભ એ છે કે, તે આપણી સમસ્યાઓને તત્કાલ ઉકેલી દે છે અને તમામ મુશ્કેલીઓ દૂર કરી જીવન જીવવાની કળા શીખવે છે.

સત્યનો સ્વીકાર કરવાથી સીધા ચઢાણ પર ટૂંકા માર્ગનું જ્ઞાન મળે છે. માનવી પોતાની ખામી શોધતો નથી. બીજી પ્રેરણાદાયક વસ્તુ એ છે કે, માણસનો હાલનો ધર્મ ગમે તે હોય તો તેને ધર્માન્તર કરવાનો પ્રયત્ન થિયોસોફી કરતી નથી. પણ તેને ધર્મ શું છે? તે સમજાવે છે અને અંધશ્રદ્ધા દૂર કરે છે.

થિયોસોફી વિજ્ઞાન છે, જીવનનું વિજ્ઞાન, આત્માનું વિજ્ઞાન જેની વિસ્તૃત માહિતી "ઓકલ કેમીસ્ટ્રી" નામના ગ્રંથમાં આપેલી છે. એટલે જ ધર્મ, વિજ્ઞાન અને જીવનનો ત્રિવેણી સંગમ એટલે જ થિયોસોફી, ગીતાના યોગ, કર્મસુ કૌશલમ્‌ના સિદ્ધાંત મુજબ સમય, સંજોગો અને પરિસ્થિતિ મુજબ સર્વ સાથે અનુકૂળતા સાધી કાર્ય કરનાર વ્યક્તિ જ જીવનમાં સફળતા પ્રાપ્ત કરે છે. કર્મ જ એને મહાન બનાવે છે. મૃત્યુ પછી પુનઃજન્મ અને કર્મ....કર્મનું ફળ આજે નહિં તો કાલે મળે જ છે. (પુનરપિ જન્મમ - પુનરપિ મરણમ્) આપણાં વર્તમાન જીવનની પરિસ્થિતિ એ આપણાં ભૂતકાળના પોતાના જ કાર્યોનું પરિણામ હોઈ શકે છે. ભગવદ્‌ગીતામાં દરેક સમસ્યાનું સમાધાન છે.

જીવનનો ઉદ્દેશ્ય માત્ર ને માત્ર જીવી લેવું તેવો નથી. થિયોસોફી બ્રહ્મવિદ્યાના અધ્યયનનું ફળ છે. અસત્યમાંથી સત્યનું અધ્યયન કરાવે છે. દૈનિક જીવન જીવવાની અનોખી રીત સમજાવે છે. સંઘર્ષમય જીવનમાંથી બહાર કઈ રીતે આવવું તેનું માર્ગદર્શન આપે છે. અને તે અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ લઈ જાય છે. તે અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જવાનું કાર્ય કરે છે. ટૂંકમાં એટલું જ કહી શકાય કે સર્વેનું કલ્યાણ કરવાની ભાવના જાગૃત કરવી અને અન્યને પ્રેરણા આપવી એ જ સાચી થિયોસોફી..... ૦૦૦

## ભાવયાત્રા

નમસ્કાર સ્નેહવંદન !

આજનાં પ્રભાતે ૐકાર નાદ વૈભવ વિશે કેટલાક સંકલિત ..પરિભાષિત વિચારો પ્રસ્તુત કરવાની મંશા છે. જે અદ્ભુત આધ્યાત્મિક લોક તરફ સહજ જાગતી જિજ્ઞાસા પોષક બની શકે છે.

**ૐકાર – ચેતનાનો અખંડ નાદ**

ભારતીય આધ્યાત્મિક પરંપરામાં ૐકારને અદ્વિતીય પવિત્ર સ્થાન છે. આ માત્ર એક શબ્દ કે અક્ષર નથી, પરંતુ નાદ છે–એક અનાદિ, અવિનાશી ધ્વનિ-કંપન, જે સમગ્ર બ્રહ્માંડનું મૂળભૂત હૃદયસ્પંદન છે. તેને એક પ્રતીક કહેવું પણ મર્યાદિત છે, કારણ કે તે એક સાથે ધ્વનિ, કંપન, ચેતનાની અવસ્થા અને પરબ્રહ્મનું સ્વરૂપ છે. પ્રાચીન ઋષિઓએ પોતાના ધ્યાનમાં અનુભવ્યું કે સઘળા પરિવર્તનશીલ વિશ્વ પાછળ એક અવિરત રણકાર, શાશ્વત સ્વર ગુંજી રહ્યો છે. તેમના દિવ્ય અનુભવે આ રહસ્યમય કંપનને અવાજ આપ્યો–ૐ, જેને પ્રણવ મંત્ર તરીકે પૂજવામાં આવે છે; એવો મંત્ર જે સમગ્ર સૃષ્ટિનો જીવંત શ્વાસ છે.

**પ્રણવ – અનંત પ્રતિધ્વનિ..**

પ્રણવ શબ્દ સંસ્કૃત ધાતુ (પ્રશંસા કરવી, ગુંજવું) પરથી આવેલો છે. પ્ર ઉપસર્ગ તેને વધુ તીવ્ર બનાવે છે–જે અનંત સુધી ગુંજે છે તે. એટલે પ્રણવ તે અનંત સ્તુતિરૂપ નાદ છે. માણ્ડૂક્ય ઉપનિષદ–સંક્ષિપ્ત પણ અતિગહન ઉપનિષદ–એ ઘોષણા કરે છેઃ

''ૐકાર એજ આ સમગ્ર જગત છે–ભૂત, વર્તમાન અને ભાવિ બધું જ ખરેખર ઔંકાર સ્વરૂપ છે.'' એટલે ૐકાર એક સાથે બીજ (બિજ) પણ છે અને પરબ્રહ્મની પૂર્ણતા પણ છે–સર્જનનો આરંભ અને અંતિમ સત્ય.

**ત્રણ અક્ષરોનો સંગમ છે.**

ૐકાર ત્રણ મૂળભૂત સ્વરો–'અ', 'ઉ' અને 'મ'ના સંગમથી બનેલો છે. આ ત્રણે માત્ર ઉચ્ચારણના સ્વર નથી, પણ બ્રહ્માંડના ત્રણ તત્ત્વોને પ્રતિબિંબિત કરે છેઃ

પ્રસ્તુતિ
શ્રી દીપક પંડ્યા
ગાંધીનગર

- 'અ' – કંઠમાંથી નીકળતો પ્રથમ સ્વર. તે સર્જન, જાગ્રત અવસ્થા (જાગ્રત) અને સ્થૂલ જગતનો પ્રતિનિધિ છે.
- 'ઉ' – તાલુ પરથી સરકતો મધ્ય સ્વર. તે પાલન, સ્વપ્ન અવસ્થા (સ્વપ્ન), અને સૂક્ષ્મ જગતનો અર્થ કરે છે.
- 'મ' – હોઠ પર બંધ થતો અંતિમ સ્વર. તે લય, સુષુપ્તિ અવસ્થા (સુષુપ્તિ), અને કારણ શરીરનું પ્રતિનિધિત્વ કરે છે.

આ ત્રણ પછી એક ચોથું પરિમાણ છે–તુરીય-શબ્દાતીત શાંતિ. આ નાદ માત્ર મૌન નથી, પણ શુદ્ધ ચેતનાની અવસ્થા છે, જ્યાં આત્મા પોતાનું પરબ્રહ્મરૂપની અવસ્થા એકત્વ અનુભવે છે. આ રીતે અ-ઉ-મના અંતે જે શાંતિની ગુંજ શેષ રહે છે તે જ તુરીય છે.

**શાસ્ત્રોક્ત વ્યાખ્યા**

પતંજલિ યોગસૂત્ર (૧.૨૭)માં કહે છે કે તસ્ય વાચકઃ પ્રણવઃ–પરમેશ્વરનો વાચક (ધ્વનિરૂપ પ્રતીક) પ્રણવ એટલે ૐ છે. આગળનું સૂત્ર કહે છેઃ તજ્જપઃ તદર્થભાવનમ્–ૐનો જપ કરો અને તેના અર્થનું ભાવન કરો. આ જપ અને ભાવનાથી મન શુદ્ધ અને સ્થિર બને છે, આત્મદર્શન માટે અનુકૂળ બની જાય છે.

પુરાતન ઋષિ પુષ્પદંતે રચેલા શિવમહિમ્ન સ્તોત્રમાં પણ આ પ્રણવ નાદને સમગ્ર બ્રહ્માંડના સર્જનની આધારશક્તિ તરીકે વર્ણવ્યું છે. વેદો, ઉપનિષદો, ભગવદ્ ગીતા વગેરે અનેક ગ્રંથો ૐકારને સૃષ્ટિ પહેલાંના નાદ સ્વરૂપે નમન કરે છે.

ૐકારનો જપ કે ધ્યાન માત્ર ધાર્મિક વિધિ નથી; તે આત્મિક સૃષ્ટિ તરફ દોરી જતી સીધી સાધના છે. યોગ્ય રીતે ઉચ્ચારેલ ઓકાર શરીરમાં મૂળાધારથી સહસ્રાર સુધી કંપન પેદા કરે છે, જે સાધકની ચેતનાને બ્રહ્મનાદ સાથે સંલગ્ન કરે છે. સતત અભ્યાસથી મનની

(અનુસંધાન પાન ૭ પર)

## સંતરામ લોજ - અહેવાલ

તારીખ ૬-૯-૨૦૨૫ના રોજ જીવન વિકાસ હાઈસ્કુલ નડિયાદ ખાતે શિક્ષક દિન નિમિત્તે શિક્ષકોનું અભિવાદન કરવા તેમજ બાળકોને થિયોસોફિકલ સોસાયટી અંગે વિસ્તૃત જાણકારી આપવાના હેતુ સહ એક પ્રોગ્રામ રાખવામાં આવ્યો.

જેમાં પ્રમુખશ્રી ગોરધનભાઈ પ્રજાપતિ, મનુભાઈ રાઠોડ, કાઉન્સિલર શ્રી નરેન્દ્રભાઈ નકુમ, ટી.ઓ.એસ. પ્રમુખ તેમજ યુવા પ્રવૃત્તિના ચેરમેન શ્રી પ્રતીકભાઈ શ્રીમાળી અને ટી.ઓ.એસ.ના મંત્રી શ્રી ચીમનભાઈ મેકવાન તેમજ સંતરામ લોજના મંત્રી અરવિંદભાઈ હાજર રહેલા હતા. સૌ પ્રથમ હાઈસ્કૂલના પ્રતિનિધિ શ્રી રાજેશભાઈ મેકવાને ગુરુર બ્રહ્મા, ગુરુર, વિષ્ણુની સુંદર પ્રાર્થના કરી હાજર રહેલા સૌ હોદ્દેદારોને આવકાર આપ્યો હતો. શ્રી રાજેશભાઈ મેકવાને સમગ્ર પ્રોગ્રામનું સંચાલન સુંદર રીતે કર્યું તેમજ સમગ્ર સંતરામ થિયોસોફિકલના સભ્યોનું સ્વાગત-સન્માન કર્યું. સાથે સાથે સંતરામ થિયોસોફિકલના પ્રમુખશ્રી ગોરધનભાઈ પ્રજાપતિએ પ્રિન્સિપાલ શ્રી પ્રજ્ઞેશભાઈ પંડ્યાનું ફૂલહાર અને સાકર આપી સન્માન કર્યું. પ્રમુખશ્રીએ પોતાના વક્તવ્યમાં વિદ્યાર્થીઓને પોતાનું ધ્યેય નક્કી કરવા અને ભારતના ઉમદા નાગરિક બનવા માટે ખૂબ જ મહેનત કરી ઉજવળ ભવિષ્ય નિર્ધારિત કરવા જરૂરી સલાહ-સૂચનો આપ્યા. શ્રી પ્રતીકભાઈ શ્રીમાળીએ પોતાના ઉદ્‌બોધનમાં થિયોસોફિકલ સોસાયટી વિશે બાળકોને સચોટ સમજૂતી આપી અને સોસાયટીના ધ્યેય અને કરવાની કામગીરીથી સૌને વાકેફ કર્યા.

શ્રી નરેન્દ્રભાઈ નકુમે પોતાના ઉદ્‌બોધનમાં સૌને ટી.ઓ.એસ.ની કામગીરી વિશે ટૂંકમાં માહિતી આપી. શ્રી મનુભાઈ રાઠોડે સૌ હોદ્દેદારોનો પરિચય આપી શિક્ષક દિન નિમિત્તે શિક્ષકોનું મહત્વ અને ગરીમા જળવાય તેવું વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું. તેમાં હાઈસ્કુલના પ્રિન્સિપાલ શ્રી પ્રજ્ઞેશભાઈ પંડ્યાએ આભાર વિધિમાં સંતરામ લોજના સૌ સભ્યોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો અને સૌ સૌ હર્ષોલ્લાસ સહ છૂટા પડ્યા.

પ્રસ્તુતિ

**શ્રી અરવિંદભાઈ કા. પટેલ**
**મંત્રી, સંતરામ લોજ**

(અનુસંધાન પાન ૩ પરથી)

વ્યક્તિત્વ પ્રતિબદ્ધ હોય છે. કારણ કે સ્મૃતિ સ્વરૂપની ગ્રંથિઓના માત્ર પ્રતિકાર તરીકે સર્જાયેલ વિચારનાં પ્રતિભાવ સ્વરૂપે તે ઉદ્‌ભવ્યું હોય છે. આ તમે સમજો છો ખરા ? તમે સ્વયં તેને શોધી કાઢી શકો એટલી આ સરળ બાબત છે.

વિચાર એ સ્મૃતિની પ્રતિક્રિયા છે. હું તમને કંઈક પૂછું અને તમે તમારી સ્મૃતિ અનુસારનો પ્રતિભાવ દાખવો છો. પ્રશ્ન અને ઉત્તર વચ્ચેનો અવકાશ એ સમય છે. એ સમય દરમ્યાન તમે વિચાર કરો છો અને પછી ઉત્તર આપો છો. તમારો ઉત્તર જો પરિચિત હશે. તો તે તમે તત્કાલ પ્રસ્તુત કરી દેશો, પરંતુ પ્રશ્ન જો અત્યંત જટિલ હશે, તો પ્રશ્ન અને ઉત્તર વચ્ચે જરા દીર્ઘ સમયની આવશ્યકતા રહેશે. તે સમય દરમિયાન તમારી સ્મૃતિ પ્રતિક્રિયા કરીને પ્રતિભાવ દાખવશે અને પછી તમે ઉત્તર આપશો. આમ, વિચાર એ સ્મૃતિનો અર્થાત્ ભૂતકાળ સાથે સંકળાયેલ બાબતનો પ્રતિભાવ હોય છે.

જે.કૃષ્ણમૂર્તિ-ધર્મિષ્ઠ મન

અનુ. યોગેશ દેસાઈ

# શાખા સમાચાર

- **અમદાવાદ લોજ, અમદાવાદ :** તા. ૧ ઓગષ્ટના રોજ 'ધ્યાન, લાઈટ ઓન પાથ' વિષય પર ડો. વર્ષાબેન પટેલે પ્રવચન આપ્યું. તા. ૮મીએ 'કેનેડા, વાનકુંવરથી થિયોસોફીના સંભારણા' વિષય પર શ્રી હર્ષવદનભાઈ શેઠે પ્રવચન આપ્યું. તા. ૧૫મીએ 'ગાયત્રી બ્રહ્મવિદ્યા' વિષય પર શ્રી અરવિંદભાઈ ડોલિયાએ પ્રવચન આપ્યું. તા. ૨૩ અને ૨૪ના રોજ સ્વ. બાબુલાલ કે. શાહની સ્મૃતિમાં 'જે. કૃષ્ણમૂર્તિ અને આપણી દુનિયા' વિષય પર અભ્યાસવર્ગ યોજાયો. જેના વક્તા હતા શ્રી હર્ષવદનભાઈ શેઠ. તા. ૨૯મીએ સ્વ. ઘનશ્યામ સોનેજીની સ્મૃતિમાં ૫૬ સભ્યો સાથે એકદિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

- **રોહિત લોજ, અમદાવાદ :** તા. ૧૬ ઓગષ્ટના રોજ ''સર્જક શાંતિ - રોહિત મહેતા'' વિષય પર રમેશભાઈ ડોલિયાએ પ્રવચન આપ્યું.

- **રેવા લોજ, વડોદરા :** તા. ૩જી ઓગષ્ટના રોજ ''ગ્રેટ ઈન્વોકેશન અને મહાનપ્રાર્થના'' વિષય પર શ્રી જીતેશભાઈ દરજીએ, તા. ૧૦મીએ જે. કૃષ્ણમૂર્તિની બુક 'ધ બુક ઓફ લાઈફ' પર શ્રી હર્ષદભાઈ દવેએ અને તા. ૧૭મીએ મેડમ બ્લેવેટ્સ્કી વિશે શ્રી હિમાદ્રી ભટ્ટે પ્રવચનો આપ્યા. તા. ૨૪મીએ 'How work our system' વિષય પર રેકોર્ડેડ પ્રવચન યોજવામાં આવ્યું. તા. ૩૧મીએ શ્રી નિમેષ પુરોહિત દ્વારા ભારત સમાજ પૂજા વિધિ સંપન્ન કરવામાં આવી.

- **સંતરામ લોજ, નડીયાદ :** તા. ૬ સપ્ટેમ્બરના રોજ જીવન વિકાસ હાઈસ્કૂલમાં સંતરામ લોજ દ્વારા શિક્ષક દિન નિમિત્તે શિક્ષકોનો અભિવાદન કાર્યક્રમ યોજવામાં આવ્યો. સંતરામ થિયોસોફિકલ સોસાયટીના પ્રમુખ ગોરધનભાઈ પ્રજાપતિ, મંત્રી અરવિંદભાઈ કા. પટેલ,શ્રી પ્રતીક શ્રીમાળી. શ્રી ચિમનભાઈ મેકવાન, કાઉન્સીલર શ્રી મનુભાઈ રાઠોડ, શ્રી નરેન્દ્રભાઈ નકુમ વગેરેએ હાજર રહી શાળાના શિક્ષકોનું શાલ અને પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું. વિદ્યાર્થીઓને જીવન ઘડતરની સાચી સમજણ પ્રાપ્ત થાય તે હેતુથી પ્રાસંગિક પ્રવચનો કરવામાં આવ્યા. આ ઉપરાંત ગુજરાત થિયોસોફિકકલ સોસાયટી શું છે તેની માહિતી આપવામાં આવી.

  સમગ્ર કાર્યક્રમ શિક્ષક દિન નિમિત્તે હોવાથી વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચેનો સુમેળ લયબદ્ધ રહે તેવું વાતાવરણ સર્જાયું.

- **પૂર્ણાનંદ લોજ, પેટલાદ :** પૂર્ણાનંદ લોજમાં ત્રણ વર્ષ માટે નીચે મુજબ નવા હોદ્દેદારોની વરણી સર્વાનુમતે કરવામાં આવી.

  પ્રમુખ :- ડો.પ્રો. પ્રતીક્ષાબેન શાહ, મંત્રી :- શ્રી પ્રતીક શ્રીમાળી. કાઉન્સીલર સભ્યો આ મુજબ છે : (૧) શ્રી ગિરીશ ''નીલગિરિ'', (૨) શ્રી પ્રતીક શ્રીમાળી, (૩) શ્રી મનહરભાઈ આર. પટેલ.


RNI Code No. GUJ / GUJ / 2015 / 71878, dated 24-05-2017
Published on 10th of every month.

Printed Matter Periodicals THEOSOPHIC JYOTI October-2025

To :

If Undelivered Return to : HARSHAD MANSULKHLAL DAVE
A-201, Milestone Residency, Opp. Nayara Petrol Pump, Vesana-Bhayali Road, Vadodara-391410

# આપણો પુસ્તક પ્રેમ ...




: લેખક :
**કેશવલાલ જાની**

પ્રસ્તુતિ
**શ્રી પ્રવીણભાઈ માંડલિયા**
**ભાવનગર**

યોગિની મૈયા બ્લેવેટ્સ્કીએ સાધક અવસ્થાવાળા માનવી માટે તેર પગથિયાંની સુવર્ણ-સીડી આપેલી છે. આ સીડીનું જ્ઞાન માત્ર જાણવા માટે નથી, પણ જીવન જીવવા માટે પ્રેરણારૂપ છે. તેઓશ્રીએ શરૂઆતનું વાક્ય લખ્યું છે કે "Behold ! The Truth before you" સાવધાનતાથી સાંભળો ! સત્ય તમારી સમક્ષ રજૂ થાય છે. જીવનની સમૃદ્ધિ જેણે હાંસલ કરવી હોય તેમને આ સીડી ઉપયોગી નીવડશે. જેમ જાણવા માટે મનની જરૂર છે; તેમ જીવવા માટે ધ્યાનની જરૂર છે. ધ્યાન વિના (Total attention વિના) આ પગથિયાં ચઢી શકાશે નહિ. આ પગથિયાં પર પ્રવાસ કરનાર માનવી દિવ્ય પ્રજ્ઞાની અનુભૂતિ પામે છે. પ્રવાસી ગંભીરતાપૂર્વકનો અભ્યાસી (Learner) હોવો જોઈએ. ૧૩ પગથિયાં : (૧) સ્વચ્છ જીવન (૨) ખુલ્લું મન (૩) પવિત્ર હૃદય (૪) આતુર બુદ્ધિ (intellect) (૫) આવરણરહિત આધ્યાત્મિક દર્શન (૬) સહાધ્યાયી પ્રત્યે બંધુભાવી વર્તન (૭) સલાહ-સૂચનની આપ-લે માટેની તૈયારી (૮)ગુરુ પ્રત્યેના કર્તવ્ય ઉદ્યમીપણું, સમ્યક્તા, સંસ્કારિતા, ઉચ્ચતમ ચુંબકીયતા, સૌન્દર્ય વગેરેનો અમલ સ્વચ્છ જીવનની પૂર્ણતા સૂચવે છે.

પ્રકાશક : શ્રી હર્ષદ મનસુખલાલ દવે
માલિક : ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન, ભાવનગર-૩૬૪૦૦૧
મુદ્રક : હેમ પ્રિન્ટીંગ પ્રેસ, ૪, લબ્ધી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, એસીડ મીલ કંપાઉન્ડ, રણમુક્તેશ્વર રોડ, પ્રતાપનગર, વડોદરા-૩૯૦૦૦૪

Printed and Published by HARSHAD MANSUKHLAL DAVE on behaf of GUJARAT THEOSOPHICAL FEDERATION and Printed at Hem Printing Press, 4, Labdhi Ind. Estate, Acid Mill Compound, Ranmukteshwar Rd., Pratapnagar, Vadodara-390004 and published from GUJARAT THEOSOPHICAL FEDERATION, A-201, Milestone Residency, Vasana Bhayli Rd., B/h. Bright Day -CBSE School, Opp. Nayara Petrol Pump, Vadodara-391410.Editor -HARSHAD MANSUKHLAL DAVE